# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,ગાંધીનગર.

## અખબારી યાદી

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર ખાતે નોંધાયેલ રાજયની તમામ માધ્યમિક શાળાઓના આચાર્યશ્રીઓને જણાવવામાં આવે છે કે ધોરણ-૧૦ અને સંસ્કૃત પ્રથમાના પરીક્ષાર્થીઓની આંતરીક મૂલ્યાંકન ગુણ તથા શાળા કક્ષાના વિષયની પરીક્ષાના ગુણ બોર્ડની વેબસાઇટ gseb.org અને sscmarks.gseb.org પરથી શાળા દ્વારા ઓનલાઇન તા.૨૪/૦૨/૨૦૨૩ ના રોજ બપોરે ૧૪:૦૦ કલાકથી તા.૧૦/૦૩/૨૦૨૩ ના રોજ સાંજે ૧૭:૦૦ કલાક સુધી ભરવાના રહેશે. જેની તમામ સંબંધિતોને નોંધ લેવા અને સમય મર્યાદામાં ઓનલાઇન ગુણ ભરવા જણાવવામાં આવે છે. પરીક્ષાર્થીના વિષયો બાબતે કે અન્ય કોઇ વિસંગતતા જણાય તો બોર્ડની ગાંધીનગર ખાતેની કચેરીની માધ્યમિક શાખાનો જરૂરી આધારો સાથે સંપર્ક કરવાનો રહેશે.

નોંધ:-૧) પરીક્ષાથીઓના ગુણ પરીક્ષાર્થીઓના નામ અને એપ્લીકેશન નંબરના આધારે ભરવાના રહેશે. ઓનલાઇન ગુણ ભરવા માટે આપની શાળાના ઇન્ડેક્ષ નંબર અને નોંધાયેલ મોબાઇલ નંબરનો ઉપયોગ કરી લોગીન કરી શકાશે.

૨) જે શાળાઓમાં સેકટર સ્કીલ કાઉન્સીલના વોકેશનલ વિષયોનો અભ્યાસક્રમ અમલી છે તેવી શાળાઓએ સેકટર સ્કીલ કાઉન્સીલ (SSC) દ્વારા કરવામાં આવેલ પ્રાયોગિક મૂલ્યાંકનના 50 માંથી ઉમેદવારે મેળવેલ ગુણ પણ સેકટર સ્કીલ કાઉન્સીલ (SSC)ના પ્રતિનિધિશ્રી પાસેથી મેળવી શાળા દ્વારા જ ઓનલાઇન ભરવાના રહેશે.

(એમ.કે.રાવલ)
નિયામક(પરીક્ષા)
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

તારીખ:-૨૩/૦૨/૨૦૨૩
સ્થળ :- ગાંધીનગર